# અંતરિયાળ વિસ્તારોના ગ્રામીણ નાગરિકો-પરિવારો પ્રત્યે મુખ્યમંત્રીની આગવી સંવેદના

**જીવનજરૂરી ચીજવસ્તુઓ-અન્ન પુરવઠો-આરોગ્ય સેવાઓ અંગે ૧૦ ગામોના સરપંચો સાથે સીધો જ ટેલિફોનિક સંવાદ કરી-ફિડબેક મેળવ્યા**



ગાંધીનગર,તા. ૪

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સી.એમ કોમન મેન તરીકેની પોતાની છબિને વધુ એકવાર ઊજાગર કરતું આગવું ઉદાહરણ પુરૂં પાડયું છે.

વિશ્વવ્યાપી મહામારી કોરોના વાયરસને પગલે દેશમાં જાહેર થયેલા ૨૧ દિવસના લોકડાઉનની સ્થિતીમાં ગુજરાતના છેવાડાના અંતરિયાળ ગામોના ગ્રામજનોને જીવનજરૂરી ચીજવસ્તુઓ, આરોગ્ય સેવાઓ વગેરે નિયમીત મળે છે કે કેમ તેનું મોનિટરીંગ મુખ્યમંત્રીશ્રીએ સ્વયં આ ગામના સરપંચો સાથે વાતચીત કરીને કર્યુ હતું.

વિજયભાઈ રૂપાણીએ મુખ્યમંત્રી નિવાસ સ્થાને કાર્યરત કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટરના જનસંવાદ કેન્દ્રના માધ્યમથી રાજયના ૧૦ જિલ્લાઓના અંતરિયાળ વિસ્તાર દસક્રોઈ તાલુકાના નાંદેજ, ભુજ તાલુકાના કુનરિયા, વડગામ તાલુકાના વડગામ, વંથલી તાલુકાના ખોરસા, રાજકોટ તાલુકાના ગઢકા, દાહોદ તાલુકાના ચંદાવાડા, પારડી તાલુકાના પરિયા, વ્યારા તાલુકાના ચિખલવાવ, કરજણ તાલુકાના સિમલી અને તળાજા તાલુકાના ટીમણા ગામના સરપંચોને તેમના ગામમાં લોકડાઉનની હાલની સ્થિતિમાં રેશનની દુકાનો પર પૂરતો અનાજનો પુરવઠો છે કે નહિ, આરોગ્ય સેવાઓ યોગ્ય મળે છે કે કેમ, ગામમાં સફાઈની વ્યવસ્થા તેમજ દૂધ, શાકભાજી, કરિયાણું જેવી આવશ્યક ચીજવસ્તુઓ નિયમિત મળે છે કે કેમ તે અંગે ઊંડાણપૂર્વક વાતચીત કરી ફીડબેક મેળવ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ આ સરપંચોને તેમના ગામોમાં કોરોના વાયરસ સામે લોકો જનજાગૃતિ દાખવે, સોશિયલ ડિસ્ટન્સ જાળવે, ગામમાં ભેગા ના થાય અને ઘરમાં જ રહીને આ વાયરસના સંક્રમણથી બચે તેની કાળજી લેવા પણ તાકીદ આ વાતચીત દરમ્યાન કરી હતી.

આ ગામોના સરપંચોએ મુખ્યમંત્રીશ્રીએ તેમની સાથે સીધી વાતચીત કરી ગામની પરિસ્થિતિની રજેરજ માહિતી મેળવી તેની આગવી સંવેદનશીલતાની અનુભૂતિ કરી હતી.

સરપંચોએ પણ રાજ્ય સરકાર દ્વારા દરેક ગામમાં લેવાઈ રહેલા સૌના આરોગ્ય સુખાકારીના પગલાંઓ, અનાજનો પૂરતો જથ્થો, સાફ-સફાઈ વગેરે અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો.

# ગાંધીનગર જિલ્લા હોમગાર્ડ્ઝ દ્વારા COVID-19 અન્વયે જન જાગ્રતિ કાર્યક્રમ





ગાંધીનગર,તા. ૪

ગાંધીનગર જિલ્લા હોમગાર્ડ્ઝ પરિવાર દ્વારા કોરોના વાયરસના સંક્રમણને અટકાવવાના શુભ હેતુથી ગાંધીનગર શહેરમાં હોમગાર્ડ્ઝ રથ દ્વારા જન જાગૃતિના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું

સદરહું કાર્યક્રમમાં જિલ્લા કમાન્ડર વિષ્ણુભાઈ પ્રજાપતિનાઓના આમંત્રણને માન આપી ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રીમતી રીટાબેન પટેલ ઉપસ્થિત રહેલ હતા અને કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા અંગેના ઉપાયો / સૂચનો પ્રજાજનને કર્યા હતા.

આ કાર્યક્રમમાં જિલ્લા કમાન્ડન્ટ વિષ્ણુભાઈ પ્રજાપતિ, મેયર રીટાબેન પટેલ, જિલ્લાના સિનિયર સબ ઈન્સ્પેક્ટર અનિરુદ્ધસિંહ જાડેજા, સેકન્ડ ઈન કમાન્ડ સી. એમ. પરમાર, જનસંપર્ક અધિકારી ધ્રુપેનભાઈ પટેલ, ગાંધીનગર શહેરના ઓફિસર કમાન્ડિંગ ગોવિંદભાઈ પટેલ, પ્લાટુન કમાન્ડર શ્રી અલ્પેશભાઈ રાઠોડ, શ્રી પીનાકીન પ્રજાપતિ, દિલીપસિંહ ચાવડા, ગૌતમભાઈ શ્રીમાળી વિગેરે ઉપસ્થિત રહેલ હતા.

સદરહું કાર્યક્રમમાં કલોલ હોમગાર્ડ્ઝ યુનિટના ગાયક કલાકારો હિંમતભાઈ વાઘેલા, એમ.ડી. મહેરીયા તથા મહિલા ગાયક વિણાબેન પ્રજાપતિનાઓએ કોરોના વાયરસના સંક્રમણને અટકાવવાની સૂચનાઓ આપેલ હતી તથા તેઓના સુંદર અવાજમાં કોરોનાને લગતા ગીતો દ્વારા નગરજનોને પ્રભાવિત કર્યા હતા.




શહેરના ૧૩ વર્ષ ના બાળક જય તેજસભાઈ લવિંગિયા દ્વારા આ લોકડાઉનના સમયનો સદ્દુપયોગ કરી ભગવાન સ્વામિનારાયણનું ચિત્ર બનાવવામાં આવ્યું છે.

## કોરોના બસ ભાગે...!

દિવસ છોને વરસ જેવડું લાગે;
એમ કરતાં કોરોના બસ ભાગે!
પ્રજાહિતમાં નિર્ણય લીધો સાચો;
દીર્ઘદૃષ્ટિએ નિર્ણય નથી કાંઈ કાચો,
સમય આવ્યો, પ્રજા દેશની જાગે... દિવસ.
નાબૂદ થાય ચેપી રોગ કોરોના;
જાગૃત રહીને તમે જરાય ડરોના,
મન મંદિરે 'હાશ' ની ઝાલર વાગે... દિવસ.
પરિવારને સમય પ્રેમથી આપો;
દિનચર્યાને થોડી બદલી નાખો,
વિકટ પરિસ્થિતિમાં રાષ્ટ્ર એટલું માગે... દિવસ.
ચેપી રોગમાં સાવધાની તો રાખો,
એકબીજામાં સોશિયલ ડીસ્ટન્સ રાખો;
લોકબંધી પર પાર કરીશું મોદીજીના રાગે... દિવસ.

● જગદીશ ગોર 'શરમાળ'



રોટરી કલબ ઈન્ટર નેશનલ દ્વારા ફૂડ પેકેટ/અનાજની કીટનુ વિતરણ : વર્તમાન સમયમા સમગ્રમાં કોરોનાનો ભય છે લોક ડાઉન છે ત્યારે ગરીબ,જરૂરીયાત લોકો માટે રોટરી કલબ અમદાવાદ (વાસણા)ના મંથન દવે, યશ ભટ્ટના પ્રયાસથી વિવિધ વિસ્તારોમાં ફૂડ પેકેટ અને અનાજની કીટનું વિતરણ કરવામાં આવી રહયુ છે.

# સ્માર્ટ કિડ્સ નર્સરી સ્કૂલ દ્વારા પ્લે સ્કૂલના બાળકો માટે ઓનલાઈન કોચિંગ

ગાંધીનગર, તા.૪

૨૦ વર્ષથી કાર્યરત સ્માર્ટ કિડ્સ નર્સરી સ્કૂલ દ્વારા પ્લે સ્કૂલના બાળકો માટે સ્કૂલ નું નવું સત્ર શરૂ થતા ઓનલાઈન કોચિંગ નું પ્લાનિંગ કરવા માં આવ્યું છે. સત્ર શરૂ થવાને સમયે જ કોરોના વાયરસની અસરથી સમગ્ર શહેર ચિંતામાં છે ત્યારે આ **lockdown** સિટીમાં શાળાના ડાયરેક્ટર સ્નેહા પટેલ દ્વારા વર્ચ્યુઅલ કોચીગ પ્લાન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત નાના બાળકો **learn with fun** દ્વારા જુદી જુદી પ્રવૃત્તિ ઘરમાં જ કરશે ઘરમાંની જ વસ્તુઓ સાથે આરટ ગેમ રમશે બાળકોના માતા-પિતાને પણ માર્ગદર્શન આપી બાળકો સાથે કેવી રીતે ઓનલાઈન કોચિંગ લેવાય તે શાળા દ્વારા શીખવવામાં આવ્યું છે. હવે સ્માર્ટ કિડ્ઝના બાળકો દ્વારા આ સમર ટાઈમ સ્માર્ટલી એન્જોય કરવામાં આવશે.

# કામદારો માટે મોબાઈલ મેડિકલ યુનિટની સુવિધા



ગાંધીનગર,તા. ૪

ગુજરાત રાજ્યનો શ્રમ અને રોજગાર વિભાગ કોરોના મહામારી સામેની લડતમાં કોઈ કચાશ રાખવા માગતો નથી અને બાંધકામ ક્ષેત્રના તથા અન્ય સ્થળાંતર કરીને આવેલા કામદારો માટે તેમના ઘર સુધી મોબાઈલ મેડિકલ યુનિટ 'ધનવંતરી આરોગ્ય રથ' ની સુવિધા પૂરી પાડી રહ્યો છે. ગુજરાત બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કર્સ વેલફેર બોર્ડ, કામદારોને કન્સ્ટ્રકશનની સાઈટ અને કડીયા નાકાં ઉપર તબીબી સેવા પૂરી પાડવા માટે ૨૨ જીલ્લામાં ૩૪ ધનવંતરી આરોગ્ય રથનુ સંચાલન કરે છે. આ દરેક એકમ એક ડોકટર, એક નર્સ અને બે અન્ય વ્યક્તિઓના સ્ટાફથી સજ્જ છે.

શ્રમ અને રોજગાર વિભાગના અધિક મુખ્ય સચિવ વિપુલ મિત્રા, આઈએએસ, તેમણે વધુમાં જણાવ્યું હતું કે "અમે અમારા કામદારો અને શ્રમીક સમુદાયના કલ્યાણ માટે કટીબધ્ધ છીએ અને તમામ કામદારો સલામત રહે અને સલામતીનો અનુભવ કરે તેની ખાત્રી રાખીશું." જે કેટલાક જીલ્લાઓમાં હાલમાં ધનવંતરી આરોગ્ય રથ કાર્યરત છે તેમાં અમદાવાદ, ગાંધીનગર, સુરત, વડોદરા, જામનગર, જૂનાગઢ, આણંદ, મોરબી, કચ્છ, રાજકોટ અને મહેસાણાનો સમાવેશ થાય છે.

# કોરોનાની મહામારી : આપણાં કુટુંબનાં બજેટની લગામ આપણાં હાથમાં જ રાખીએ

**પ્રસંગસર**
**વિનોદ અમલાણી**

આપણે સૌ જાણીએ છીએ કે છેલ્લા કેટલાક મહિનાઓથી પૂરા વિશ્વના માનવીઓને, સામાજિક તંત્રને, સરકારી તથા રાજકીય વ્યવસ્થાને અને અર્થતંત્રને હચમચાવી દીધું છે. આપણે સૌ તેનો ભોગ પણ બન્યા છીએ અને ચિંતિત પણ છીએ. આ વર્તમાન સમસ્યાને કારણે વિશ્વના અર્થતંત્રના પાયા ડગમગી ગયા છે. વિશ્વના અર્થતંત્રનું ભવિષ્ય ભાખવામાં તમામ દેશો. સરકારો, વિશ્વબેન્ક અને અર્થશાસ્ત્રીઓ ગડમથલ અનુભવી રહ્યા છે. વિશ્વનું કોઈપણ તંત્ર માટે ભવિષ્યની આર્થિક પરિસ્થિતી વિષે કોઈ જ પ્રકારની સચોટ ધારણા કરવી મુશ્કેલ છે.



આ મહામારીથી બચવા માટે સરકારે લીધેલા વિવિધ પગલોને કારણે, લોક ડાઉન ને કારણે ભારતીય અર્થતંત્ર ઉપર વિપરીત અસરો થશે તેમાં કોઈ શંકા નથી. ભારત સરકાર, વિશ્વ બેન્ક, તથા વિશ્વસ્તરની ક્રેડિટ રેટિંગ એજન્સી મૂડીઝે પણ ભારતીય અર્થતંત્ર ઉપર થનારી વિપરીત અસરો વિષે કેટલીક ધારણાઓ કરી છે. આમ છતાં, દેશના અર્થતંત્ર ઉપર ઓછામાં ઓછી અસરો થાય તેની અગમચેતી રૂપે ભારત સરકાર દ્વારા શક્ય એટલા તમામ પ્રયાસો થઈ રહ્યા છે. સરકારનાં આ પ્રયાસોમાં દેશની આર્થિક સંસ્થાઓ, રિઝર્વ બેન્ક, પબ્લિક સેક્ટર બેન્કસ, મોટા ઉદ્યોગો, ઔદ્યોગિક સંગઠનો, રાજ્ય સરકારો, તથા અર્થશાસ્ત્રીઓ પૂરો સહકાર આપી રહ્યા છે.

દેશના અર્થતંત્ર માટે તો સરકાર સજાગ છે જ પણ આપણાં પોતાના કુટુંબનાં અર્થતંત્ર માટે આપણે કેટલા સજાગ છીએ એ તો આપણે પોતે જ કહી શકીએ. કોરોનાની મહામારીને કારણે આપણાં કુટુંબનું અર્થતંત્ર ડામાડોળ ન થઈ જાય તેની તકેદારી આપણે પોતે જ રાખવી પડશે. આપણાં કુટુંબના અર્થતંત્રનાં પાયા ડગમગી ગયા તો સરકાર આપણને કોઈજ પ્રકારની સીધી મદદ નહીં કરી શકે તે ધ્યાનમાં રાખવું આવશ્યક છે. આવા કપરા સમયમાં આપણે સરકાર પાસે સીધી મદદની અપેક્ષા પણ ન રાખવી જોઈએ.

વર્તમાન સમયમાં માર્ચ-એપ્રિલ મહિના દરમ્યાન એકવીસ દિવસનાં સમગ્ર દેશનાં લોક-ડાઉનને કારણે આપણાં ધંધા, રોજગાર, વ્યવસાય મોટેભાગે સદંતર બંધ છે. સરકારી, અર્ધસરકારી, જાહેર કંપનીઓ, મોટા ઉધોગો કે આવશ્યક સેવાઓ સિવાયનાં બધા નોકરિયાત વર્ગને પણ તેઓના વ્યવસાય બંધ છે. આમ લોક-ડાઉન થકી મોટાભાગના કુટુંબોની આવક ઉપર વિપરીત અસર થશે, આવક ચોક્કસપણે ઘટશે. એકવીસ દિવસનાં લોક-ડાઉન પછી પણ શું હાલત થશે તેની કલ્પના કરવી મૂશ્કેલ છે. આમ વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લઈને આપણે અત્યારથી જ ચેતી જઈએ અને આપણાં કુટુંબના અર્થતંત્ર ઉપર ધ્યાન દઈએ તો આપણે આર્થિક બરબાદીમાંથી બચી શકીએ અથવા તો થોડી રાહત થઈ શકે.

છેલ્લા એકાદ મહિનાથી શાળા-કોલેજો બંધ છે અને ક્યાં સુધી બંધ રહેશે તેનો અંદાજ નથી. આપણે જો એવું માનતા હોઈએ કે શાળા-કોલેજોનાં બંધ દરમ્યાન એ શૈક્ષણિક સંસ્થાઓ એ સમયગાળાની ફી જતી કરશે તો એ માન્યતા ખોટી કરશે. વિધાર્થીઓને માસ પ્રમોસન મળ્યું છે એ નિર્ણય સરકારનો છે પણ ફી વિષે નો નિર્ણય તો જે તે કોલેજ-શાળાનાં સત્તાવાળાઓ જ લેશે. ફી માફીની વાત તો એક બાજુ રહી, નવા શૈક્ષણિક વર્ષ માં તેઓ શૈક્ષણિક ફીમાં વધારો કરે એવું બની શકે. વિધાર્થીઓને શાળાએ લઈ જતા વાહનોનું પણ એવુ જ થવાનું ભલે વાહનો બંધ રહ્યા પણ વાહન માલિક તો પૂરું ભાડું લઈને જ રહેશે.

આપણાં નિયમિત માસિક ખર્ચાઓ જેવાકે ઈલેક્ટ્રિક બીલ, ટેલીફોન બીલ, પાણીનું બીલ, ગેસનું બીલ મિલકત વેરો, ઈન્કમટેક્ષ, સોસાયટી મેઈટેનન્સ ખર્ચ, એ છે એમ જ રહેશે. આ ખર્ચાઓમાં કોઈ જ પ્રકારની નાણાકીય રાહતની અપેક્ષા રાખવી વધારે પળતી ગણાશે. આ બધી જ સંસ્થાઓને મહામારીને કારણે ઘણા બધા આર્થિક નુકસાનને વહન કરવાનું રહેશે તેથી તે કોઈ જ પ્રકારની રાહત આપશે નહીં.

સરકારનાં આદેશનું પાલન કરીને તમામ પ્રકારની બેંકોએ મુદતી ધિરાણ ધરાવતા ગ્રાહકોને (Term Loan brorower) ત્રણ મહિનાઓનાં હપ્તા ભરવા માટે રાહત જાહેર કરી છે જે આવકાર દાયક છે.આપણે સૌએ એક વાત સમજી લેવાની છે કે આ રાહત એ ત્રણ મહિનાનાં હપ્તાની રકમની માફી નથી. હપ્તા તો ભરવાના જ છે પણ ત્રણ મહિના માટે હપ્તા ભરવામાંથી રાહત આપી છે. બીજા શબ્દોમાં કહીએ તો ત્રણ હપ્તાની મુદત લંબાવાઈ છે. વ્યાજ માં કોઈજ પ્રકારની રાહત નથી એટલે હપ્તામાં ત્રણ મહિનાની રાહત દરમ્યાન પણ આપણાં લોન ખાતામાં વ્યાજ તો ચડશે જ. આ બધી બાબતોને ધ્યાન માં લઈને એવું કહી શકાય કે આપણી જો આર્થિક ક્ષમતા હોય તો ત્રણ મહિનાના હપ્તામાં આપેલી રાહતનો લાભ ન લેવો તે આપણાં હિતમાં છે.

લોક-ડાઉન દરમ્યાન આપણી અવર-જવર સંયમીત હોય આપણાં વાહન ખર્ચમાં અને પેટ્રોલ-ડીજલ ખર્ચમાં ઘણો ઘટાડો થશે. આપણાં મોજ-શોખનાં ખર્ચાઓ, મહેમાનો નિમિતે થતાં ખર્ચાઓ, સામાજિક પ્રસંગો નિમિતે થતાં ખર્ચાઓમાં પણ ચોક્કસ રીતે ઘટાડો થશે. તેની સામે ટેલિફોન અને મોબાઈલ ખર્ચમાં, ઈંટરનેટ વપરાશનાં ખર્ચમાં, એરકંડીશન, પંખાઓના વધુ વપરાશને કારણે વીજળી બિલના ખર્ચમાં ચોક્કસ વધારો થશે. આ પ્રકારના ખર્ચાઓ ઉપર સતત નજર રાખવી જરૂરો છે.

ઈશ્વરની આપણાં સૌ ઉપર કૃપા રહે અને આપણે તંદુરસ્ત રહીએ અને આરોગ્યલક્ષી સારવારના ખર્ચાઓ ન વધે છતાં આપણે જે કોઈ નિયમિત દવાઓ લેતા હોઈએ તો એ દવાઓનાં ભાવ ભવિષ્યમાં વધશે તેની પણ નોંધ લેવી પડે. આ ઉપરાંત કોરોનાથી બચવાનાં ઉપાય રૂપે આપણે સેનિટાઈઝર, હેંડવોશ, માસ્ક, સાવચેતી રૂપે લેવામાં આવતી કેટલીક દવાઓના ખર્ચાઓને કારણે આપણાં કુલખર્ચમાં વધારો થશે જ. આ પ્રકારના ખર્ચમાં આપણે બાંધછોડ ન કરી શકીએ અને કરવી પણ ન જોઈએ.

મહામારીને કારણે પડી રહેલી મૂશ્કેલીઓ કેટલી લાંબી ચાલશે તેના વિષે આપણે કોઈ કઈજ કહી શકીએ એમ નથી તેથી આપણે આર્થિક મોરચે વર્તમાનની સાથે સાથે ભવિષ્યની પણ તકેદારી રાખવી પડે. વર્તમાન સંજોગોમાં આપણું ધ્યાન આપણાં એવા ખર્ચાઓ ઉપર કેન્દ્રિત કરવું જોઈએ જેના ઉપર કાપ મૂકી શકાય. લોક-ડાઉન ખૂલે પછી આવક વધારવાના રસ્તાઓની પણ શક્યતાઓ જોવી પડે. આપણે લોન લીધી હોય તો લોનનાં શક્ય એટલું વ્યાજ બચાવી શકાય એવા પ્રયત્નો કરવા જોઈએ. આપણી આવક અને ખર્ચાઓની કાળજી આપણે નહીં રાખીએ તો ભવિષ્યમાં તેના માટેનાં કોઈ ઉપાયો નહીં મળે.

આપણાં કુટુંબનાં આર્થિક બજેટની લગામ આપણાં હાથમાં જ રાખીએ અને કુટુંબને આર્થિક મુશ્કેલીઓમાંથી બચાવીએ.

## જન્મદિને વધામણી



ડૉ. પ્રદીપ ગગલાણી
પ્રિન્સિપાલ, ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ
મો. ૯૮૨૪૨ ૬૬૧૨૧



પ્રતાપસિંહજી સોલંકી
મો. ૯૦૫૪૦ ૭૯૫૧૬



નરોત્તમભાઈ પી પરમાર



રોહિતભાઈ બી જોષી



શક્તિસિંહ ઝાલા



જિનલકુમાર શાહ
મો. ૮૮૬૬૧ ૪૩૦૫૪



ધ્રુવિલ એ પટેલ



રૂદ્ર જયેશલાલ બારૈયા
મો. ૯૮૨૫૬ ૦૬૦૬૪

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક